# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો
2. પ્રધાનમંત્રી આવતીકાલે સવારે "પરીક્ષા પે ચર્ચા" માં દેશભરના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરશે.
3. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે પ્રથમ સહકારી ટેક્સી સેવા "ભારત ટેક્સી"નો નવી દિલ્હીમાં શુભારંભ કર્યો
4. કેન્દ્ર સરકારે, ફ્રન્ટિયર નાગાલેન્ડ ટેરિટોરિયલ ઓથોરિટીની રચના માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા.
5. WPL ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ખિતાબી મુકાબલો

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## FUR REV EVE RS - MOTION OF THANKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને આત્મવિશ્વાસ અને નિર્ણાયક નીતિગત સુધારાઓ સાથે ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે સરકાર સુધારા, અમલીકરણ અને પરિવર્તનના વિઝન સાથે આગળ વધી રહી છે, તેઓ રાજ્યસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા.

યુરોપિયન યુનિયન અને યુનાઇટેડ સ્ટેટ્સ સહિત અનેક દેશો સાથેના વેપાર કરારો અંગે, શ્રી મોદીએ કહ્યું કે ભારતે નવ દેશો સાથે વેપાર કરારોને અંતિમ સ્વરૂપ આપ્યું છે અને તાજેતરમાં 27 દેશોના યુરોપિયન યુનિયન સાથે સૌથી મોટો સોદો પૂર્ણ કર્યો છે. તેમણે કહ્યું કે દેશ એક મજબૂત ઉત્પાદન ઇકોસિસ્ટમ વિકસાવીને તેના ઉદ્યોગસાહસિકોને ટેકો આપી રહ્યો છે.

**(BYTE- PM MODI, )**

----------

## PM MALAYSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 7 અને 8 ફેબ્રુઆરીએ મલેશિયાની મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયના પૂર્વીય ક્ષેત્રના સચિવ પી. કુમારને

જણાવ્યું હતું કે આ પ્રધાનમંત્રી મોદીની મલેશિયાની ત્રીજી મુલાકાતનો હેતુ ઓગસ્ટ 2024માં મલેશિયાના પ્રધાનમંત્રીની રાજ્ય મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવાનો છે.

સચિવે કહ્યું આ મુલાકાત ASEAN ક્ષેત્ર સાથે સંબંધોને મજબૂત બનાવવાની તક પણ પૂરી પાડશે. પ્રધાનમંત્રી મોદી મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે અને ભારત મલેશિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ પ્રગતિની સમીક્ષા કરશે, ખાસ કરીને વેપાર, સંરક્ષણ, સુરક્ષા, સેમિકન્ડક્ટર, ડિજિટલ ટેકનોલોજી અને નવીનીકરણીય ઉર્જા જેવા પ્રાથમિકતા ક્ષેત્રોમાં મુલાકાત દરમિયાન 10મો ભારત-મલેશિયા સીઈઓ ફોરમ પણ યોજાવાનો છે.

પ્રધાનમંત્રી મુખ્ય ક્ષેત્રોના અગ્રણી મલેશિયન સીઈઓ સાથે પણ વાતચીત કરશે. શ્રી કુમારને જણાવ્યું હતું કે મલેશિયા એ આસિયાનમાં ભારતનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે જેનો દ્વિપક્ષીય વેપાર લગભગ 20 અબજ ડોલર છે.

----------

## PM-PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 10 વાગ્યે "પરીક્ષા પે ચર્ચા" ના 9મા સંસ્કરણમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પરીક્ષાના તણાવ પર ચર્ચા કરવાની સાથે પરીક્ષાને ઉત્સવ અને જીવનના અભિન્ન ભાગ તરીકે ઉજવવાનો છે. આ

વર્ષે રાજ્યના દેવમોગરા, સહિત કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને દિલ્હીના 7, પરીક્ષાર્થી સાથે સત્રો યોજાશે.

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન, પ્રધાનમંત્રીની યુટ્યુબ ચેનલ અને શિક્ષણ મંત્રાલયના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવશે.

----------

## GOYAL-US TRADE DEAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરારનો પ્રથમ તબક્કો લગભગ તૈયાર છે. શ્રી ગોયલે કહ્યું કે ભારતને અપેક્ષા છે કે બંને દેશો વચ્ચેનું સંયુક્ત નિવેદન ચારથી પાંચ દિવસમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને તેના પર હસ્તાક્ષર કરવામાં આવશે.

( BYTE - PIYUSH GOYAL )

----------

## JAISHANKAR - TRADE DEAL

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે ઐતિહાસિક ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાનું કામ ચાલી રહ્યું

છે અને તે ટૂંક સમયમાં પૂર્ણ થશે. ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા સંદેશ માં તેમની અમેરિકા મુલાકાતને સફળ અને સકારાત્મક ગણાવી હતી.

તેમણે કહ્યું હતું કે આ વેપાર કરાર ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય ખોલશે, જે બંને દેશો માટે અપાર તકો ખોલશે. શ્રી જયશંકરે કહ્યું ભારતનો મહત્વપૂર્ણ ખનિજ સહયોગ પણ ઝડપથી વધી રહ્યો છે અને આગામી દિવસોમાં વ્યૂહાત્મક મુદ્દાઓ, સંરક્ષણ અને ઊર્જા પર પણ ચર્ચા કરવામાં આવશે.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# SHAH-BHARAT TAXI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં ભારત ટેક્સી, ભારતના પ્રથમ સહકારી-આધારિત રાઇડ-હેલિંગ પ્લેટફોર્મનું શુભારંભ કર્યો . ભારત ટેક્સી એ કમિશન-મુક્ત  અને વધારા-મુક્ત ભાવો

મોડેલ પર કાર્ય કરે છે, જેમાં ડ્રાઇવરોને નફાનું સીધું વિતરણ થાય છે, જે વિદેશી રોકાણ-આધારિત એગ્રીગેટર પ્લેટફોર્મનો સ્વદેશી વિકલ્પ રજૂ કરે છે.

(Byte –AMIT SHAH)

આ પ્રસંગે, ઓપરેશનલ ઇન્ટિગ્રેશન, ડિજિટલ સશક્તિકરણ, સુરક્ષા અને સેવા વિતરણને મજબૂત બનાવવા માટે મુખ્ય જાહેર અને ખાનગી હિસ્સેદારો સાથે નવ એમઓયુનું વિનિમય કરવામાં આવ્યું હતું.

----------

## REV. UN- INDIA AI SUMMIT

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં ભારતના નેતૃત્વની પ્રશંસા કરતાં કહ્યું આંતરરાષ્ટ્રીય સંબંધોમાં AI મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. તેમણે કહ્યું કે ઝડપથી વિકસતી AI ટેકનોલોજીના પડકારો અને તકોનું વિશ્લેષણ કરવા માટે બધા દેશોએ સાથે આવવું જોઈએ.

શ્રી  ગુટેરેસ 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીમાં યોજાનાર ભારત - AI ઇમ્પેક્ટ સમિટ 2026 માં ભાગ લેવા માટે ભારતની મુલાકાત લેશે.

----------

## REV SHAH – FNTA

કેન્દ્ર સરકાર, નાગાલેન્ડ સરકાર અને પૂર્વીય નાગાલેન્ડ પીપલ્સ ઓર્ગેનાઇઝેશન (ENPO) એ ફ્રન્ટિયર નાગાલેન્ડ ટેરિટોરિયલ ઓથોરિટી (FNTA) ની રચના માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા. આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ પ્રસંગે નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયો પણ હાજર હતા.

શ્રી શાહે કહ્યું કે નાગાલેન્ડના લોકો માટે આ એક મહત્વપૂર્ણ દિવસ છે. તેમણે કહ્યું કે સરકાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંઘર્ષ મુક્ત, હિંસામુક્ત અને વિકસિત ઉત્તરપૂર્વના વિઝન સાથે એક પગલું આગળ વધ્યું છે. તેમણે ગૃહ મંત્રાલયના અધિકારીઓની પ્રશંસા કરતા કહ્યું કે તેઓએ ENPO અને નાગાલેન્ડ સરકાર વચ્ચે સેતુ તરીકે કામ કર્યું જેના કારણે આ ઠરાવ થયો. તેમણે ENPO ના લોકોને વધુમાં ખાતરી આપી કે સરકાર પૂર્વીય નાગાલેન્ડના વિકાસ માટે પોતાનો ટેકો આપશે.

નાગાલેન્ડના મુખ્યમંત્રીએ કહ્યું કે આ ઐતિહાસિક કરાર રાજ્યના તમામ પ્રદેશો સુધી સમાન અને સમાવિષ્ટ શાસન સુનિશ્ચિત કરવા અને સતત પ્રયાસો કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

----------

## EVE SC-WB DA

મમતા બેનર્જીની આગેવાની હેઠળની પશ્ચિમ બંગાળ સરકારને સર્વોચ્ચ અદાલતે આજે રાજ્ય સરકારના કર્મચારીઓને મળનારા

મોંઘવારી ભથ્થાના 25 ટકા તાત્કાલિક ચૂકવવાનો આદેશ આપ્યો છે. વર્ષોથી પેન્ડિંગ રહેલા તેના અગાઉના નિર્દેશોને ફરીથી સમર્થન આપ્યું છે.

ન્યાયાધીશ સંજય કરોલ અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે કહ્યું કે રાજ્યએ એક મોડેલ નોકરીદાતા તરીકે કાર્ય કરવું જોઈએ. તેમણે કાર્યબળ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

----------

## PLAST INDIA 2026

વિશ્વના અગ્રણી પ્લાસ્ટિક પ્રદર્શનોમાંનું એક, પ્લાસ્ટ ઇન્ડિયા-૨૦૨૬ આજે નવી દિલ્હીમાં શરૂ થયું. છ દિવસીય આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઉત્પાદન-આગેવાની હેઠળના વિકાસ અને મોટા પાયે રોજગાર સર્જન માટે આત્મનિર્ભર ઔદ્યોગિક આધાર બનાવવાનો છે. આ પ્રદર્શન યુવાનો, નવીનતાઓ અને સ્ટાર્ટઅપ્સને ટકાઉ પ્લાસ્ટિક ઉકેલો પ્રદર્શિત કરવાની તક પૂરી પાડે છે.

આકાશવાણી સાથે વાત કરતા, પ્લાસ્ટ ઇન્ડિયાના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ આલોક તિબ્રેવાલાએ જણાવ્યું હતું કે પ્લાસ્ટ ઇન્ડિયા વિશ્વના પ્રથમ શૂન્ય-કચરાના પ્રદર્શન તરીકે ઉભરી આવ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે વિશ્વના સૌથી મોટા પ્લાસ્ટિક પ્રદર્શનમાં આશરે 6 લાખ મુલાકાતીઓ હાજરી આપશે.

----------

## WPL – FINAL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલ મેચમાં આજે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વચ્ચે ખિતાબી મુકાબલો ચાલી રહ્યો છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે દિલ્હી કેપિટલ્સે ૩ ઓવરમાં વિના વિકેટે ૧ રન કર્યા છે.

----------

## SHRILANKA- BRIDGE

ભારતે શ્રીલંકાને ચક્રવાત દિત્વાહ પછી પુનઃર્નિર્માણ માટે 450 મિલિયન ડોલરના સહાય પેકેજ હેઠળ આપત્તિ પછીની સહાય વધારી છે. શ્રીલંકાના સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગઈકાલે ભારતીય નૌકાદળના જહાજ INS ઘરિયાલ દ્વારા પુલની સામગ્રી કોલંબો પહોંચી હતી. જે આજે કોલંબો બંદર ખાતે શ્રીલંકાના બંદરો અને ઉડ્ડયન વિભાગના નાયબમંત્રી જાનિથ રુવાન કોડિથુવાક્કુને સત્તાવાર રીતે સોંપવામાં આવ્યા હતા.

ચક્રવાત દિત્વાહ દ્વારા અનેક પુલોનો નાશ થયા પછી જ્યાં રોડ કનેક્ટિવિટી કપાઈ ગઈ છે ત્યાં પુલો તૈનાત કરવામાં આવશે. ભારતે કિલિનોચ્ચી ખાતે એક પુલ અને મધ્ય પ્રાંતમાં બે પુલ પૂર્ણ કરી લીધા છે જે આ પ્રદેશોમાં કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરશે.

----------

## SHOOTING CHAMPIONSHIP

શૂટિંગમાં  ભારતના સમ્રાટ રાણા અને સુરુચી સિંહે આજે નવી દિલ્હીમાં એશિયન રાઇફલ ચેમ્પિયનશિપ 2026 માં 10 મીટર એર પિસ્તોલ મિશ્ર ટીમ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો. ભારતીય જોડીએ 479.6 નો અંતિમ સ્કોર નોંધાવ્યો હતો. ઉઝબેકિસ્તાનની નિગીના સૈદકુલોવા અને મુખ્મદ કમાલોવે 481.3 પોઈન્ટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

જ્યારે ચાઈનીઝ તાઈપેઈના ચેંગ ચેન-ચિંગ અને હ્સિયાંગ-ચેને 412.2 પોઈન્ટ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. કોન્ટિનેન્ટલ મીટમાં ભારતના મેડલની સંખ્યા હવે બે સુવર્ણ, બે રજત  અને એક કાંસ્ય  સાથે પાંચ થઈ ગઈ છે.

----------